<u>પરિપત્ર/ ઇ-મેઇલ</u>

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 181
શાખાનું નામ: [illegible]
તારીખ: 25/1/23
સહી:

ક્રમાંક: ધ/ માધ્ય/ અનદ-૨/૨૦૨૨-૨૩/૬૭૩૭-૭૨
કમિશનર શાળાઓની કચેરી
બ્લોક નં. ૯/૧ , ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર. તા.૨૪/૦૧/૨૦૨૩.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના ધો-૧૦ના વર્ગવધારાની વર્ષ : ૨૦૨૨-૨૩ માટેની ઓનલાઇન દરખાસ્ત કરવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, આપના જિલ્લા હસ્તકની તમામ બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં અગાઉ મંજુર કરેલ ધો-૯ના વર્ગવધારા સંદર્ભે ધોરણ-૧૦ના ક્રમિક વર્ગવધારાની જરૂરીયાત હોય તો તે માટે શૈક્ષણિક વર્ષ: ૨૦૨૨-૨૩ માટે સંસ્થા દ્વારા ઓનલાઇન અરજી તા.૨૭/૦૧/૨૦૨૩ના રોજ સવારે : ૧૧-૦૦ કલાક થી તા.૧૦/૦૨/૨૦૨૩ના રાત્રિના ૧૧-૫૯ કલાક સુધી ઓનલાઇન અરજી કરી શકશે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા સ્થળતપાસ કરીને અરજી નિયામકશ્રી,શાળાઓની કચેરીને ઓનલાઇન તા.૧૧/૦૨/૨૦૨૩ થી તા.૧૭/૦૨/૨૦૨૩ના રોજ ૬-૦૦ કલાક સુધી સબમીટ કરવાની રહેશે.

આપના જિલ્લાની શાળાઓ વર્ગવધારા માટેની દરખાસ્ત સમયસર કરી શકે તે માટે શાળાઓના આચાર્યશ્રી/શાળા સંચાલકશ્રીઓને પરિપત્ર કરી આ બાબતની જાણ કરવાની રહેશે.

<u>વર્ગવધારાની અરજી અન્વયે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.</u>

- બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના વર્ગવધારા માટે નિયત થયેલ દરખાસ્ત ફી રૂા. ૨૫૦૦/- ઓનલાઇન જમા કરાવવાના રહેશે. (ચલણથી ભરેલ ફી માન્ય રહેશે નહિ.) ઓનલાઇન ફી જમા થયા બાદ જ અપ્લીકેશન ફોર્મ ખુલશે જેની ખાસ નોધ લેવી. તેમજ આ બાબતે શાળાઓને જરૂરી સૂચનાઓ આપશો.
- કોઇપણ ફાઇલ સદર કચેરીને હાર્ડકોપીમાં રજુ કરવાની રહેશે નહીં.
- આપના જિલ્લાની તમામ દરખાસ્તો સંપૂર્ણ વિગતો તથા તેના આનુષાંગિક આધાર પુરાવાઓ સહ રજૂ થયેલ છે કે કેમ ? તે સુનિશ્ચિત કરવાનું રહેશે. અધુરાશવાળી/ખૂટતા આધારોવાળી અરજીઓની આપની કક્ષાએથી ચકાસણી કરી, શાળાના એકાઉન્ટમાં પુર્તતાના રિમાર્કસ સહ પરત કરવાની રહેશે અને શાળા દ્વારા સમયમર્યાદામાં પૂર્તતા થયા બાદ જ નિયામકશ્રી, શાળાઓના એકાઉન્ટમાં સબમીટ કરવી.
- આપની કક્ષાએથી થનાર પરિપત્રમાં આપના જિલ્લાઓની સબંધિત શાળાઓને જાણ કરવી કે, શાળાએ અરજી કર્યા બાદ નિયમિત રીતે પોતાની ઓનલાઇન અરજી ચકાસતાં રહેવુ તથા તેઓના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર પરના SMS ચકાસતા રહેવું જો કોઇ કવેરી અંગે ઓનલાઇન અરજીમાં સૂચના/ SMS મળે તો સમય બગાડયા વિના સત્વેર પુર્તતા કરી દરખાસ્ત પુન: સબમીટ કરવી, જો આવેલ પુર્તતા સમયમર્યાદામાં રજૂ કરવામાં નહી આવે તો તે દરખાસ્ત ગ્રાહય રાખવામાં આવશે નહી અને તે માટે શાળા મંડળ/આચાર્ય જવાબદાર બનશે.
- સંસ્થાઓ તા.૧૦/૦૨/૨૦૨૩ના રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી અરજી માટે શાળાનું ઓનલાઇન એકાઉન્ટ ચાલુ રહેશે. ત્યારબાદ બંધ થઇ જશે.
- આપના જિલ્લાની સબંધિત શાળાઓની અરજીઓ અન્વયે સ્થળ તપાસ કરી, યોગ્ય રિમાર્કસ/નોંધ તેમજ અન્ય વિગતો અને આપના સ્વયંસ્પષ્ટ અભિપ્રાય સહ તા.૧૧/૦૨/૨૦૨૩ થી તા.૧૭/૦૨/૨૦૨૩ સુધીમાં દરખાસ્ત ઓનલાઇન સબમીટ કરવાની રહેશે.
- જિલ્લા સ્તરે મળેલ કવેરી સમયમર્યાદામાં રી-સબમીટ થાય તે પ્રકારે શાળા પાસેથી ફોલોઅપ લેવાનું રહેશે.

➢ આપના જિલ્લાની શાળાઓ દ્વારા દરખાસ્ત કરવાની અંતિમ તા.૧૦/૦૨/૨૦૨૩ સુધીમાં કરેલ દરખાસ્તોના એપ્લીકેશન નંબર, શાળાનું નામ, માંગેલ ધોરણ-વર્ગ, માધ્યમ, સંપર્ક નંબર સાથેની વિગત રજીસ્ટર્ડમાં નિભાવવાની રહેશે.
➢ આપની કક્ષાએથી અધૂરી/અયોગ્ય આધારોવાળી કોઇપણ દરખાસ્ત સબમીટ ન થાય તેની કાળજી લેશો.
➢ શાળાની ઓનલાઇન દરખાસ્તો મળતાં જ આપની સ્થળ તપાસ તેમજ આનુષાંગિક કાર્યવાહી શરૂ કરી દેવી. તથા સબમીશન માટે અંતિમ તા. ૧૦/૦૨/૨૦૨૩ની રાહ ન જોતાં દરખાસ્ત ઓનલાઇન સબમીટ કરતાં જશો.

નોંધ ઉપર માન. નિયામકશ્રીના આદેશ અનુસાર

(બી.સી.સોલંકી)
સંયુકત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર

<u>નકલ રવાના :</u>

➢ શ્રી જયદેવભાઇ , પ્રોજેકટ મેનેજરશ્રી, જી.આઇ.પી.એલ. , ઉદ્યોગભવન, ગાંધીનગર (By email)

---

પરિપત્ર નં...૨૯૯...

ક્રમાંક/માધ્ય-૨/ધો.૧૦ ક્રમિકવર્ગ/વધારો/૨૦૨૨-૨૩
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમરેલી
તા. ૨૫/૦૧/૨૦૨૩

ઉપરોકત પત્રના વિષય અન્વયે જાણ તથા કાર્યવાહી કરવા કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી જિ. અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ તમામ
જિ. અમરેલી